**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૭૬ ટકા

# ધો-૧૦ સીબીએસસીમાં શહેરની દીકરી તરીષી પરમાર ઝળકી

## શહેરના જાણીતા ઓર્થોપેડીક સર્જન ડૉ. મહિપતસિંહ પરમારની પુત્રી તરીષી ન્યુરોસર્જન બનવા ઈચ્છે છે

ગાંધીનગર, તા.૪

સીબીએસઈ દ્વારા ધોરણ ૧૦નું પરિણામ જાહેર કરવામાં આવ્યું. જેમાં દિલ્હી પબ્લિક સ્કુલ ગાંધીનગરમાં તરીષી મહિપતસિંહ પરમાર ૯૯.૪૦ ટકા ગુણ પ્રાપ્ત કરીને પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થઈ સમગ્ર ગાંધીનગરમાં તેજસ્વી તારલાઓમાં તેઓ ઝળકયા છે. તરીષી પરમાર ચોરવાડ (વેરાવળ)ના મૂળ વતની છે. શહેરના જાણીતા ઓર્થોપેડીક સર્જન મહિપતસિંહ પરમારની સુપુત્રી છે. ચોથા ધોરણથી તરીષી ડીપીએસ (સીબીએસસી) સ્કુલમાં અભ્યાસ કરે છે. ડાન્સ, કથક, બાસ્કેટબોલ, વાંચન, લેખન, પબ્લિક સ્પીકીંગ જેવી એકિટવીટીમાં રસ ધરાવે છે. ડીપીએસ સ્કુલ તરફથી ખેલ મહાકુંભમાં શાળાના વિદ્યાર્થીને ભાગ લેવા માટે પ્રોત્સાહન અપાય છે જેમાં તરીષીએ પણ ભાગ લીધો હતો. આ ૧૬ વર્ષની વિદ્યાર્થીની એક એનજીઓ પણ ચલાવે છે જેનું નામ છે 'જોય ઓ મેકર્સ'. તેમાં



આશરે ૨૦ જેટલા સભ્યો કાર્યરત છે જેમાં સ્લમ ડોનેશન અને ટ્રી પ્લાન્ટેશન જેવી પ્રવૃત્તિ કરાય છે. તાજેતરમાં ઈન્દ્રોડા ગામમાં જરૂરિયાતમંદોને કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું અને પોર ગામમાં વૃક્ષારોપણ કરાયું હતું. આટલી નાની ઉંમરે તેઓ એનજીઓ દ્વારા જરૂરિયાતમંદોની સેવા કરી રહ્યા છે ઉપરાંત ૩ વર્ષથી તે પારસમણી ટ્રસ્ટ સાથે જોડાયેલ છે. તરીષીના માતા પિતા બંને ડોકટર છે તેથી તેમને તરીષી કાંઈક બીજી ફીલ્ડ પસંદ કરેતેવી ઈચ્છા હતી પણ તરીષીને મમ્મી-પપ્પાની જેમ ડોકટર બનવાની ઈચ્છા છે અને તે ન્યૂરોસર્જન બનવા માંગે છે.

માતા-પિતાના સપોર્ટના કારણે આજે તેણે આ સફળતા પ્રાપ્ત કરી છે. તે દરરોજ ૯ થી ૧૦ કલાકનું વાંચન કરી હતી. તરીષીએ ગાંધીનાર સાહિત્યસભાના પુસ્તક 'શબદ'માં 'પંપકિન નું રહસ્ય' નામની પ્રથમ ટૂંકી વાર્તા પણ લખી છે. 'ધ ઈફેકટ ઓફ કોવિડ-૧૦ પેન્ડામિક ઓન ધ ડેન્ટલ પ્રેકટીસ ઈન ગાંધીનગર' પર રીસર્ચ વર્ક પણ કર્યું છે. આ સિધ્ધી સાથે તેણે પોતાના સમાજનું, શાળાનું અને ગાંધીનગર શહેરનું નામ ઉજજવળ કર્યું છે.

# રાજયસત્તાએ ધર્મસત્તાના નિયંત્રણમાં રહેવું જોઈએ : ડી.જી.વણઝારા

## આજે સિવિલ ઓડિટોરિયમ ખાતે ગુજરાત સંત મિલન સમારંભ યોજાશે : રાજયભરમાંથી વિવિધ સંપ્રદાયના સાધુ-સંતો-મહાત્માઓ ઉપસ્થિત રહેશે : ગુરુ વંદના મંચ અંતર્ગત સપ્તર્ષિ પરિષદની જાહેરાત કરાશે

ગાંધીનગર, તા.૪

આજે ગાંધીનગરના સે.૨૨માં પંચદેવ મંદિર ખાતે રાષ્ટ્ર વંદના મંચના ગુજરાત પ્રદેશ પ્રમુખ અને રાજયના પૂર્વ પોલીસ અધિકારી ડી. જી. વણઝારાએ જાહેરાત કરી હતી કે આવતીકાલે પાટનગર ખાતે 'રાજયવ્યવસ્થા અને સમાજ વ્યવસ્થામાં સંતોનું સ્થાન અને ભૂમિકા' વિષય પર ગુજરાત સંત મિલન સમારંભ યોજાશે. ભારતીય સંસ્કૃતિમાં અનાદિકાળથી ચાલી આવતી ધર્મસત્તાની સર્વોપરીતાનું બંધારણની મર્યાદામાં રહીને પુનઃ સ્થાપન કરવા માટે ધર્મસત્તાને દેશમાં કાયદેસરનું સ્થાન અને ભૂમિકા પ્રાપ્ત થાય તેવા હેતુથી રાજયભરના વિવિધ સંપ્રદાયના સંતો મહંતો દ્વારા ગાંધીનગર મુકામે 'ગુરૂ વંદના મંચ' નામની સંસ્થાની વિધિવત જાહેરાત કરવામાં આવી છે, જેના સંગઠનાત્મક માળખા અંગે નિર્ણય લેવા સંત મિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. સંત મિલન સમારંભ ગાંધીનગરના સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતેના ઓડિટોરિયમ હોલમાં બપોરે ૧૨ કલાકે યોજાશે.



### સપ્તર્ષિ પરિષદનું સૂચિત સંગઠનાત્મક માળખું કેવું હશે?

ધર્મ સત્તાના પુનઃસ્થાપન માટેનું પ્રથમ ચરણ ગુજરાતથી શરૂ થવા જઈ રહ્યું છે જેમાં આવતીકાલે યોજાનાર સંત મિલન સમારંભ બાદ આગામી ઋષિપંચમીના દિવસે 'સપ્તર્ષિ પરિષદ'ના સંગઠનાત્મક માળખાની જાહેરાત કરાશે જેમાં રાજયના વરિષ્ઠ સાધુ-સંતો-મુખ્ય માળખામાં સમાવેશ પામશે. સપ્તર્ષિ પરિષદમાં સાત સંત-મહાત્માઓ તેમજ એક શ્રેષ્ઠ મહિલા સંત સહિત આઠ સભ્યો હશે. સપ્તર્ષિ પરિષદના નેજા હેઠળ રાજયકક્ષા, વિભાગ કક્ષા અને જિલ્લાકક્ષાના સંગઠનોની રચના કરવામાં આવશે. રાજયના ૩૩ જિલ્લાઓમાં ૩૩ પ્રમુખ તેમજ વિભાગોના ૧૩ પ્રમુખ મળીને કુલ ૪૬ સંતો હોદ્દાની રૂએ રાજયકક્ષાના માળખામાં સ્થાન પામશે.

ભારતને ૧૯૪૭માં મળેલી આઝાદી પછી રાજયવ્યવસ્થા અને સમાજ વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન આવ્યું છે જેમાં બિનસાંપ્રદાયિકતાના ઓઠા હેઠળ ધર્મસત્તાને રાજય અને સમાજના મુખ્ય પ્રવાહથી અલગ કરી પ્રભાવહીન કરી દેવામાં આવી છે તેવું જણાવતા ડી. જી. વણઝારાએ કહ્યું હતું કે 'અનાદિકાળથી ચાલી આવતી ધર્મસત્તાને હિન્દુસ્તાનમાં ફરી સર્વોપરી બનાવવાનો સમય પાકી ગયો છે. સમગ્ર વિશ્વમાં હિન્દુઓની સંખ્યા એક અબજ જેટલી છે અને ભારતમાં તે બહુમતીમાં હોવા છતાં દંભી બિનસાંપ્રદાયિકતાને હિન્દુ પોતાના જ દેશમાં બિચારો અને બાપડો થઈ જવા પામ્યું છે. સંપ્રદાય અને ફિરકા અનેક હશે પરંતુ ધર્મ માત્ર એક જ છે અને ધર્મસત્તા રાજસત્તાથી સર્વોપરી હોવી જરુરી છે. આ બાબતે તમામ સંપ્રદાય અને ફીરકાઓના સંતો મહંતો તથા સાધુઓ સાથે અત્યાર સુધીમાં કુલ ૧૧ બેઠક કરવામાં આવી છે જેનો નિષ્કર્ષ એ નીકળ્યો છે કે ભારતમાં અત્યારે હિન્દુત્વ અને રાષ્ટ્રત્વ છે પરંતુ જરૂર ધર્મતત્વની છે, અને રાજયસત્તાએ પણ ધર્મસત્તાના નિયંત્રણમાં રહેવું જોઈએ.' આ પ્રસંગે જાણીતા કથાકાર રાષ્ટ્ર વંદના મંચના પ્રદેશ સંયોજક રામેશ્વર બાપુ હરીયાણી અને ઉત્તર ગુજરાત પ્રમુખ એમ. એ. પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

# લવારપુર પાસેથી માઈન્સ સુપરવાઈઝરનું અપહરણ

## સુપરવાઈઝરને શખ્સો સેકટર-૩૦ પાસે ઉતારી ફરાર

ગાંધીનગર ભુસ્તર વિભાગ દ્વારા રેતી ખનન મુદ્દે ભુ માફિયા સામે પોલીસ ફરીયાદ નોંધાવી હતી. આ ફરીયાદની અદાવત રાખીને ભુમાફિયાએ ત્રણ શખ્સો સાથે મળીને ગતરોજ રાત્રીના માઈન્સ સુપર વાઈઝર કારમાં અપહરણ કરી ઉઠાવી ગયા હતા. આ બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહેસાણામાં રહેતા કૌશલભાઈ જયેન્દ્રભાઈ પંડ્યા ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ વિભાગમાં સુપરવાઈઝર તરીકે કાર્યરત છે. કૌશલભાઈ ફરજ પર હાજર હોવાથી સવારે ૧૧ વાગે સિક્યુરીટીના જવાનો સાથે વાહન ચેકીંગમાં નીકળ્યા હતા.તે સમયે માર્ગ પર આવી રહેલા ડમ્પરને ૪૦.૨૦૦ મેટ્રીક ટન સાદી રેતીનું બિન અધિકૃત રીતે વહન કરતા પકડી પાડ્યું હતું. કલેકટર કચેરી ખાતે મુદ્દામાલ મુકી કૌશલભાઈ ધણપ ચેકપોસ્ટ પર ગયા હતા. ત્યારે રાત્રીના આઠ વાગ્યાના સુમારે તેઓ તેમના પરિચિત મનુભાઈની કારમાં બેસી જમવા માટે નાના ચિલોડા તરફ જઈ રહ્યા હતા. તે સમયે લવારપુર પાસે આઈ-૨૦ કાર ઓવરટેક કરીને આવીને આગળ ઉભી રહી હતી. તે જ સમયે અન્ય એક કાર પણ નજીક આવી હતી. કારમાંથી ચાર વ્યકિતઓ નીચે ઉતર્યા હતા અને તેમની પાસે આવી ગયા હતા. જે પૈકી ધ્રુવેશ મુકેશ પટેલ હતો. જેની સમે ગત તા.૨૩-૫-૨૧ ના રોજ પોલીસ ફરીયાદ નોંધાઈ હોવાથી કૌશલભાઈ ઓળખી ગયા હતા. જયારે ત્રણ શખ્સોએ માસ્ક પહેર્યું હોવાથી ઓળખી શક્યા ન હતા. પંડ્યા સાહેબ કોણ છે તેમ કહીને શખ્સોએ કારનો કાચ ખોલાવી ગાડી કેમ પકડી છે તેમ કહીને બળજબરીપુર્વક કૌશલભાઈને આઈ-૨૦ કારમાં બેસાડી નાસી છુટ્યા હતા.કાર લવારપુરથી શાહપુર ચોકડી દોડાવી મુકી હતી. કૌશલભાઈને અપહરણકારોએ ફોન પડાવી લઈને ગાડી કેમ પકડી કહીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તે સમયે સિક્યુરીટી ગાર્ડના જવાનોને અપહરણની જાણ થતા સરકારી ગાડીમાં પીછો કર્યો હતો. ત્યારે કારમાં સવાર શખ્સોએ બાસણ થી કારને સે-૩૦ કોમ્પ્લેક્ષ પાસે ઉભી રાખી હતી. પરંતુ પાછળ સિક્યુરીટી જવાનો હોવાથી તેઓએ કૌશલભાઈને મોબાઈલ ફોન આપી દઈ કારમાંથી નીચે ઉતારી ફરાર થઈ ગયા હતા.

# સેકટર-૨૧ શાકમાર્કેટ બહાર મહિલાના થેલામાંથી પર્સ સેરવી લઈ ઠગ ગાયબ

ગાંધીનગર, તા.૪

શહેરના સેકટર-૨૧ શાકમાર્કેટની બહારની બાજુ ખરીદી કરીને સાસુ-વહુ ઉભા હતા. તે સમયે હાથમાં રહેલા મોટા થેલામાં મુકેલુ પર્સ કોઈ ઠગ નજર સેરવી લઈ પલાયન થઈ ગયો હતો. આ હેન્ડ પર્સમાં એટીએમ કાર્ડ, રોકડા રૂપીયા, મોબાઈલ ફોન તેમજ સોનાના દાગીના મળી કુલ રૂ. ૯૦,૮૦૦ ની મત્તા ચોરી થયાની ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વાવોલ નારાયણનગર સોસાયટી મકાન નં.૨૬ ખાતે રહેતા ૩૦ વર્ષિય કિંજલબેન તરુણકુમાર પ્રજાપતિ ગતરોજ સાંજના સુમારે તેમના સાસુ કૈલાશબેન સાથે શાકભાજી તેમજ અન્ય ચીજવસ્તુઓની ખરીદી માટે ગયા હતા. કિંજલબેનો સેકટર-૨૧ ખાતે શાકભાજી તેમજ વિવિધ ચીજવસ્તુની ખરીદી કરીને રૂપીયા ચુકવી દીધા બાદ હેન્ડ પર્સ મોટા થેલામાં મુક્યું હતું. ત્યારબાદ સાંજના ૬ વાગ્યાના સુમારે થેલા પર નજર પડતા પર્સ ન હતું. ત્યારે હેન્ડ પર્સ ચોરી થયાની જાણ થઈ હતી. ત્યારે કિંજલબેને પર્સમાં રાખવામાં આવેલા એટીએમ કાર્ડ, ૮૦૦ રૂપીયા રોકડા, મોબાઈલ ફોન, દોઢ તોલાનું મંગળસુત્ર અને અડધા તોલાની બે સોનાની વીંટી મળી કુલ રૂ.૯૦,૮૦૦ ની મત્તાની ચોરી થયાની જાણ થઈ હતી. કિંજલબેનો ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



ચોમાસું શરૂ થાય એટલે વૃક્ષારોપણ કાર્યક્રમો શરૂ થઈ જાય છે. વન વિભાગ દ્વારા પણ ઠેર ઠેર વૃક્ષારોપણ કરવામાં આવે છે. ગ-૧ થી છેક ગ-૬ સુધીના વિશાળ પટ્ટામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.



યોગ બોર્ડ દ્વારા યોગાસનોની તાલીમ યોજાઈ હતી. આ તાલીમમાં ભાગ લેનાર સેકટર-૫ના યોગ ગ્રુપના પાંચ સભ્યોને યોગ બોર્ડના દ્વારા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

# ગુજકોસ્ટ દ્વારા 'આઝાદી કા સાયન્સ મહોત્સવ'ની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૪

'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ગુજરાત સાયન્સ સિટી અને ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ એન્ડ ટેકનૉલોજી- ગુજકોસ્ટ દ્વારા ડિજિટલ પ્લેટફોર્મ પર પોપ્યુલર સાયન્સ ટોક સીરિઝ 'સાયન્સ મેટર્સ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ ખાતેની ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ વાઈસ ચાંસલર ડો અનામિક શાહની અધ્યક્ષતમાં આ વેબીનાર યોજાયો હતો જેમાં વાર્તાલાપ દરમિયાન વેબીનારમાં ભાગ લેનાર સાયન્સ ઉત્સાહીઓએ ડો.શાહને પ્રશ્નો પૂછ્યા હતા અને તેમના જિજ્ઞાસાભર પ્રશ્નોના ડો. શાહ દ્વારા ઉત્તર આપવામાં આવ્યા હતા. ડો.શાહે વેબીનારમાં સાયન્સના ઈતિહાસ વિષે જણાવ્યુ હતુ અને તેમણે ડો. વિક્રમ સારાભાઈ, હોમી ભાભા, ડો.સ્વામીનાથન જેવા વૈજ્ઞાનિકોના યોગદાન વિષે અને કેવી રીતે તેમણે ભારતના લોકોને વૈજ્ઞાનિક અભિગમ પ્રત્યે પ્રેરિત કર્યા તે માહિતી આપી હતી. તેમણે વધુમાં ઉમેર્યુ કે ખેતી અને ડેરી ઉધોગમાં વૈજ્ઞાનિક અભિગમ થકી આત્મનિર્ભર ભારતની દિશામાં ઝડપી ગતિ થઈ શકશે. તેમણે ઘણા સ્થાનિક ઉદાહરણો આપીને સમજવ્યું કે વૈજ્ઞાનિક અબીગમ દ્વારા કેવી રીતે વિકાસ કરી શકાય છે. ભાવનગરની લોકભારતી સંસ્થા એ રોયલ્ટી ફ્રી બિયારણના વિતરણ દ્વારા ખેતીમાં કેવો ક્રાંતિકારી બદલાવ આવ્યો તે વિષે પણ જણાવ્યુ. યુનિવર્સિટી અને સ્કૂલ દ્વારા વિધ્યાર્થીઓ ને વેસ્ટેજ રિસાયકલિંગ, આત્મનિર્ભર ભારત પર ઉપયોગી સાયન્સ પ્રોજેકટ તૈયાર કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈયે તેમ જણાવ્યુ. આ માહિતીસભર વેબિનારમાં આશરે એક હજારથી વધુ વિદ્યાર્થીઓ અને સાયન્સ ઉત્સાહીઓ જોડાયા હતા.




લાયન્સ કલબ ઓફ પરફેકશનના ડોકટર અમરીશ ભાઈ ચાઈલ્ડ કેન્સર કેર અને સ્ત્રીઓને થતા બેસ્ટ કેન્સર અંગે ૩૧ જુલાઈના રોજ એપોલો (સી.બી.સી.સી) કેન્સર કેર સિદ્ધિવિનાયક હોસ્પિટલ મણિનગર ખાતે યોજાયો હતો. વકતા તરીકે ડોક્ટર (હેમંત મેઘાણી)અને ડોક્ટર અનધા ઝોયે ઉપયોગી અને માહિતી પૂર્ણ વાર્તાલાપ કર્યો હતો.

આ પ્રસંગે ગેસ્ટ તરીકે લાયન્સ કલબ ૩૨૩૨ બી-૨નાં ગવર્નર શ્રી બાલમુકુન્દભાઈ શાહ અને કેબિનેટના પીડીયાટ્રીક કેન્સર કેરનાં ડાયરેક્ટર લાયન નીવવાણીબેન હાજર રહ્યા હતા.

# રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા સીસીટીવી કેમેરા ભેટ અપાયા

ગાંધીનગર, તા.૪

વર્તમાન સમયમાં સેફટી અંગેના અનેક ઉપકરણો ઉપલબ્ધ છે.




જેના થકી ખાસ કરીને નારીના સંરક્ષણ અર્થે તેનો ઉપયોગ કરવામાં આવે તો નારીના રક્ષણ માટે ઘણી મદદ મળી શકે છે. જેથી રોટરી કલબ ઓફ કેપિટલ ગાંધીનગર દ્વારા વર્કીંગ વુમન હોસ્ટેલ તેમજ નારી સંરક્ષણ ગૃહ ગાંધીનગરની બહેનોને સુરક્ષા અર્થે જરૂરી સીસીટીવી કેમેરાના બે સેટ બેટ અર્પણ કરાયા હતા. આ કાર્યક્રમમાં અમીબેન શાહ (પ્રમુખ), પાર્થ ઠકકર (સેક્રેટરી), ઉરેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સેક્ટર-૨ બગીચા મંડળના સિનિયર સિટીઝન ગ્રુપ સે.૭માં ભારત માતાના મંદિર પાસેના ઝુંપડામાં



રહેતા અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ફુલ સ્કેપ ચોપડાઓ બિસ્કીટ અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સિનિયર સિટિઝન પ્રમોદભાઈ દવેની આગેવાની હેઠળ તેમજ અમરતભાઈ પટેલ, પ્રકાશ ભટ્ટ, સત્યનારાયણ લાલા અને વિનોદભાઈ મેણાતના સહયોગથી પાર પાડવામાં આવ્યો હતો.

# એસ.જી. અને એસ.વી. શાળામાં ઓનલાઈન પ્રવૃત્તિઓ યોજાઈ

ગાંધીનગર, તા.૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી અને એસ.વી શાળાની ધોરણ-૫ થી ૮ની વિદ્યાર્થીનીઓના સર્વાંગી વિકાસ હેતુ કડી કેમ્પસ દ્વારા સંચાલીત **WDC** પ્રૉગ્રામ થી મહીતગાર થાય તે હેતુ થી શાળા ના **WDC Incharge** નેહલબેન તથા દર્શિતાબેન દ્વારા **online WDC** પ્રૉગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓને વિવિધ પ્રવૃત્તિઓથી મહીતગાર કરવામાં આવી હતી. વૈભવી નિમાવતબેને પણ પ્રાસંગીક પ્રવચન કર્યું હતું. દરેક વિદ્યાર્થીનીઓએ આ પ્રવૃતિમાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

# સે-૧૨માં બલરામ મંદિરે ઓગસ્ટ માસની પુસ્તક પરબ યોજાઈ



ગાંધીનગર, તા.૪

દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવતી પુસ્તક પરબ અંતર્ગત ઓગસ્ટ મહિનાની પરબ તા. ૧લી ઓગસ્ટના રોજ સેકટર - ૧૨ ખાતે બલરામ મંદિર પરિસરમાં યોજવામાં આવી હતી. વડીલો, યુવાઓ, બહેનોએ પોતાની પસંદગીના પુસ્તક - મેગેઝિનનો લાભ લીધો હતો. એક ભાવક તરફથી ખૂબ સારા પ્રમાણમાં આજથી ઘણા વર્ષ પહેલાંની, એ સમયના જાણીતા લેખકોની નવલકથાઓ પરબને ભેટમાં મળી હતી. આ પરબમાં ૪૦૬ પુસ્તકો અને ૩૪ મેગેઝિનની આવક અને ૭૦ પુસ્તકો અને ૫૧ મેગેઝિનની જાવક થઈ હતી. અંદાજે ૯૦ જેટલા મુલાકાતીઓએ પરબનો લાભ લીધો હતો. પુસ્તક પરબ ટીમના અને અન્ય સહયોગીઓ અશોકભાઈ ત્રિવેદી, આશાબેન સરવૈયા, ગજેન્દ્રસિંહ વાઘેલા , પ્રજ્ઞા પટેલ, અશોકભાઈ પરમાર, વિષ્ણુભાઈ ચાવડા, તરુણભાઈ, અશ્વિનભાઈ પ્રજાપતિ, તાહિરભાઈ, સમીરભાઈ શાહ વગેરેએ પોતાનું યોગદાન આપ્યું હતું.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચલિત એસ. જી. અને એસ. વી. શાળા ના ધોરણ ૧ થી ૪માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ પોતાના ફેવરીટ કાર્ટૂન ના માસ્ક બનાવવાની ( પેપર ક્રાફ્ટ ) પ્રવૃતિમાં ઉત્સાહ પૂર્વક જોડાયા હતાં અને વિવિધ પ્રકાર ના માસ્ક બનાવ્યા હતાં. વાલીશ્રીઓએ પણ ખૂબ સારો સહકાર આપ્યો હતો.

## ચિરવિદાય


● મુકિતધામ ●

- સ્વ. ઠાકોર અલ્પેશભાઈ જસવંતભાઈ, ઉ.વ. ૩૫, જીઈબી કોલોની
- સ્વ. મકવાણા લાભુભાઈ મોહનભાઈ, ઉ.વ. ૫૪, અડાલજ

● રૂદ્રભૂમિ ●

- સ્વ. ઠાકોર શકરીબેન કાનાજી, ઉ.વ. ૬૬, ધોળાકુવા
- સ્વ. શ્રીવાત્સવ સચ્ચિદાનંદ, ઉ.વ. ૮૨, ઈન્ફોસીટી

## જન્મદિને વધામણી



મહેન્દ્રભાઈ એસ રાઠોડ
કોષાધ્યક્ષ,
ગાંધીનગર સાહિત્ય સભા
મો. ૯૮૯૮૦ ૬૭૮૧૩



રમેશચંદ્ર
નટવરલાલ શ્રીમાળી
મો. ૯૪૨૮૫ ૦૩૦૮૨



ઝલક વાગોસણા
મો. ૮૪૮૮૦ ૮૫૧૦૮



આદિત્યસિંહ
રાજવીરસિંહ રાણા



જાહ્નવી દેવેન્દ્રકુમાર પરમાર



પટેલ ભગવતીબેન
શંભુભાઈ
મો. ૯૮૨૪૯ ૯૬૮૮૮



અક્ષર અધ્વર્યુ



ભટ્ટ વૃષ્ટિ દિપકભાઈ



કૃતિ હર્ષદભાઈ તલવાડી
મો. ૯૭૨૭૫ ૫૦૪૮૩